**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૨ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૩૧ ટકા

# સેકટર-૨ના નવનિર્મિત ગાર્ડનમાં ‘વૉક-વે’ સમથળ કરવાની જરૂર

ગાંધીનગર, તા.૪

નગરના વિવિધ સેકટરોમાં આવેલા બગીચાઓના નવનિર્માણના મનપાના પ્રોજેકટ અંતર્ગત ઠેર ઠેર કામગીરી ચાલી રહી છે. આ પ્રોજેકટ અન્વયે સેકટર-૨નો ગાર્ડન નવા રૂપ-રંગ સુવિધાઓથી સજ્જ બનાવી દેવાયો છે તે માટે ગાંધીનગર મહાનગરપાલિકાને અભિનંદન.

સેકટર-૨ના ગાર્ડમાં લોન, ઝાડપાન, લેન્ડ સ્કેપિંગ, બેઠકો, છત્રીઓ, કાર્યક્રમ માટેનું સ્ટેજ-પ્લાઝા, એકસરસાઈઝ તેમજ બાળકોને રમવાના વિવિધ સાધનોની પ્રશંસાનીય સુવિધાઓ ઉપલબ્ધ થતાં ગાર્ડન સેકટરવાસીઓ માટે આકર્ષણનું અને ઉપયોગનું કેન્દ્ર બની રહ્યો છે. એમાંય રાત્રે હાઈમાસ્ક લાઈટસ અને ગાર્ડન ફરતી દિવાલ પરની ડોમ લાઈટસ ઝળહળી ઉઠે છે ત્યારે તેની શોભામાં ઓર વધારો જોવા મળે છે.

આ ગાર્ડન સવાર સાંજ ચાલનારાઓ, કસરત-યોગ કરનારાઓ તથા રમતાં બાળકોથી ધમધમી ઉઠે છે.

પરંતુ આ આખાય નવનિર્મિત ગાર્ડનમાં એક ખામી રહી ગઈ છે. અહીં માટીનો જે વોકીંગ પાથ કે ‘વૉક-વે’ તૈયાર કરાયો છે જે જરાય સમથળ નથી. આ આખોય ‘વૉક-વે’ ઉબડખાબડ છે અને ઠેર ઠેર પથ્થર-ઢોળાવા મળી આવ્યા હોવાથી ચાલનારાને ખૂબ અસુવિધા થાય છે. તેમના પગને ઈજા-નુકસાન થવાનું કે ઠેસ વાગતાં પડી જવાનું જોખમ સતત રહે છે. એ જ રીતે લોનમાં પણ ખાડાખૈયા હોવાથી લોનમાં બેસનારાને અસુવિધા થાય છે. આ સંજોગોમાં સેકટર-૨ના નવા બનેલા ગાર્ડનમાં ‘સોનાની થાળીમાં લોઢાની મેખ’ સમાન આ માટીનો વોકીંગ પાથ તાકીદે સમથળ કરાવી લેવાની જરૂર છે.

સેકટર-૨ના ગાર્ડનના વિધિવત ઉદઘાટન પૂર્વે ઈન્ચાર્જ કોર્પોરેટરશ્રી તેમજ મનપાના સંબંધિત અધિકારીશ્રી દ્વારા તેના કોન્ટ્રાકટર પાસે આ ખામી સુધરાવી લેવાશે તેવી આશા છે. ‘વૉક-વે’ સમથળ થશે તો ગાર્ડનના લાભાર્થીઓને મોટી રાહત મળશે.

# એલઆઈસીનો હિસ્સો વેચી દેવાની જાહેરાતનો કર્મચારીઓનો વિરોધ

## બજેટમાં રજૂ કરાયેલા પ્રસ્તાવને પાછો ખેંચવા માંગ : કર્મચારીઓએ સુત્રોચ્ચાર સાથે સરકારના પગલાને દેશહિત વિરૂધ્ધનું ગણાવ્યું




ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સેકટર-૧૧ ખાતે આજે ભારતીય જીવન વિમા નિગમના કર્મચારીઓએ બપોરની રિશેષના સમયે દેખાવો યોજી દેશના નાણાં મંત્રીએ બજેટમાં એલઆઈસીનો એક હિસ્સો વેચી દેવાના કરેલા પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. ઓલ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ એમ્પ્લોઈઝ એસોસિએશન દ્વારા દેશભરમાં આયોજિત વિરોધ પ્રદર્શન અંતર્ગત આજનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

એલઆઈસી કર્મચારીઓ દ્વારા આજે વિરોધ પ્રદર્શન દરમિયાન સરકાર વિરોધી સુત્રોચ્ચાર કરવા સાથે સરકારનું કદમ દેશ વિરોધી હોવાનું જણાવ્યું હતું. એલઆઈસી દેશના જીડીપી ગ્રોથ કરતા પણ વધુ ઝડપે વિકસી રહી હોવા ઉપરાંત એલઆઈસીના વિમાધારકોની ઘરેલુ બચતમુડીનું સર્જન કરવા સાથે દેશના વિકાસ કાર્યોમાં ઉપયોગી બને છે. આ સ્થિતિમાં એલઆઈસીનો એક હિસ્સો ખાનગી કંપનીઓને વેચી દેવાનું પગલું યોગ્ય નથી તેવી વાત કરતા કર્મચારીઓએ બજેટમાં રજૂ કરાયેલા પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. હજુ પણ કર્મચારીઓ દ્વારા આગામી સમયમાં વિરોધ પ્રદર્શન ચાલુ રખાશે. આજના વિરોધ પ્રદર્શન સાથે કર્મચારીઓ દ્વારા સરકારને આ નિર્ણય પડતો મુકવા માંગ કરવામાં આવી હતી.

## મુવી હાઉસ

**સિટી પલ્સ, કુડાસણ**
બેડ બોયઝ ફોર લાઈફ
૭.૩૦
જવાની જાનેમન
૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦
સ્ટ્રીટ ડાન્સર
૬.૩૦, ૩.૩૦, ૯.૩૦
તાન્હાજી - ૩.૩૦, ૯.૩૦
ગુલ મકાઈ - ૩.૪૫
પંગા - ૯.૪૫
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૧૨.૪૫
લવની લવ સ્ટોરી
૬.૪૫

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**
સ્ટ્રીટ ડાન્સર
૧.૧૫, ૭.૧૫
તાન્હાજી
૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
પંગા - ૫.૧૫
જવાની જાને મન
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
બેડ બોયઝ ફોર લાઈફ
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૮.૦૦, ૧૦.૪૫
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૭.૦૦
હેપ્પી હાર્ડી એન્ડ હીટ
૧.૦૦
લવની લવ સ્ટોરી (ગુજરાતી)
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**
જવાની જાને મન
૯.૦૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦
હેપ્પી હાર્ડી એન્ડ હીટ
૪.૫૫, ૧૦.૩૦
બેડ બોયઝ ફોર લાઈફ
૯.૧૦, ૨.૪૫, ૫.૨૫, ૧૦.૪૫
લવની લવ સ્ટોરી (ગુજરાતી)
૧૧.૫૦, ૭.૩૫
સ્ટ્રીટ ડાન્સર - ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૦૦
પંગા - ૭.૧૫
તાન્હાજી - ૧૦.૧૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**
જવાની જાને મન
૯.૫૦, ૧૨.૨૫, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫
હેપ્પી હાર્ડી એન્ડ હીટ
૪.૪૫
ગુલ મકઈ - ૨.૦૦
બેડ બોયઝ ફોર લાઈફ
૧૦.૦૫, ૧૨.૫૦, ૬.૫૫, ૯.૪૫
લવની લવ સ્ટોરી (ગુજરાતી)
૧.૨૦, ૧૦.૧૫
સ્ટ્રીટ ડાન્સર - ૧૦.૨૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
પંગા - ૧૧.૧૫
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૩.૪૦
તાન્હાજી - ૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૦૦

# ગાંધીનગર શહેર પેન્શનર સમાજની સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર પેન્શનર સમાજ દ્વારા પેન્શનર સમાજના સભ્યોની મિટીંગ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ એન. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાથે રાખવામાં આવી હતી. જેમાં સંસ્થાના સભ્યો રમણભાઈ શ્રીમાળી, પંઢરીનાથ જગતાપ, દશરથભાઈ પરમાર અને એન.એચ. દામાણી દ્વારા પ્રાર્થના કરવામાં આવી. ત્યારબાદ સંસ્થાના અવસાન પામેલ સભ્યોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ગત મહિને બોલાવાયેલ સામાન્ય સભા બેઠકની કાર્યવાહી નોંધનું મહામંત્રી દ્વારા વાંચન કરવામાં આવ્યું હતું.

ગત વર્ષે સંસ્થા દ્વારા કરવામાં આવેલા સામાજીક કાર્યોથી ઉપસ્થિત સર્વેને માહિતગાર કરવામાં આવ્યા હતા. સંસ્થાના હાલના ચાર્ટડ એકાઉન્ટન્ટ જયપ્રકાશ જી. શાહ અને આંતરિક ઓડીટર જગદીશચંદ્ર જોષીને આગામી વર્ષમાં પણ આ કામગીરી સોંપવામાં આવી હતી. આગળના દિવસોમાં યોજાનાર કાર્યક્રમો વિશે ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહામંત્રી રમેશભાઈ દવે દ્વારા તથા કાર્યકારી અધ્યક્ષ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.



સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા તા. ૨ ફેબ્રુઆરીના રોજ નિ:શુલ્ક મેડિકલ કેમ્પ સે-૨ સ્થિત અર્બન હેલ્થ સેન્ટર ખાતે યોજાયો હતો. આ કેમ્પનો ૧૧૬ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં વિવિધ રોગોના મેડિસીન, ફિઝિયોથેરાપી, દાંતના રોગો, આંખના રોગો, ગાયનેક, ઓર્થોપેડિક, બાળકોના રોગના નિષ્ણાંત તબીબોએ સેવા અને સૂચનો આપ્યા હતા. કેમ્પને સફળ બનાવવા માટે અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. ઈશા મારવનિયા તથા સ્ટાફ તથા કાઉન્સિલના સભ્યો દ્વારા ખાસ જહેમત ઉઠાવવામાં આવી હતી.

# સેકટર-૧૫ આઈટીઆઈ કેમ્પસમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં બાઈક ચોરીના કિસ્સા ખુબ મોટા પ્રમાણમાં વધી રહ્યા છે. ત્યારે સેકટર-૧૫ આઈટીઆઈ ખાતેથી એક વિદ્યાર્થીના બાઈકની ચોરીનો કિસ્સો સામે આવ્યો છે. મહેસાણાના વડસ્મા ગામ વસવાટ કરી રહેલા સેંધાજી ઈશ્વરજી ઠાકોર (ઉં.વ.૨૧) નોંધાવેલ ફરીયાદ મુજબ ગત તા.૩૧ જાન્યુઆરીના રોજ તે પોતાનું જી.જે.૦૧.એલ.યુ.-૨૪૩૨ નંબરનું હોન્ડા સાઈન બાઈક લઈને ગાંધીનગર આવ્યો હતો. તે આઈટીઆઈ કેમ્પસના પાર્કીંગમાં બાઈક પાર્ક કરીને સવારે ૧૦ વાગ્યના સુમારે કાર્યક્રમમાં અંદર ગયો હતો. ત્યારબાદ બપોરે એક વાગ્યાના સુમારે તે બહાર આવ્યો હતો તે સમયે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યાએ ન હતું. યુવકે તાત્કાલીક આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યુ ન હતું,થોડા દિવસ રાહ જોયા પછી યુવકે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૩૫ હજારની કિંમતની બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# કુટુંબ વ્યવસ્થામાં મહિલાઓની ભુમિકાનો અહેસાસ કરાવશે કાર્યક્રમ ‘શકિત’

## રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા શનિવારે મહિલા શકિતને ઉજાગર કરતા અનોખો કાર્યક્રમ ‘શકિત’નું આયોજન : ડો.મનીષ રાવલ, દિપક તેૈરૈયા અને ઉમા તેૈરૈયાના વકતવ્યો પ્રસ્તુત થશે

ગાંધીનગર, તા.૪

ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓને ‘શકિત’ સ્વરૂપ માનવામાં આવી છે પરંતુ વાસ્તવિક સ્થિતિમાં જોઈએ તો સમાજમાં મહિલા હંમેશા ‘સેકન્ડ સિટીઝન’ જ બની રહેવા પામી છે. વળી, કુટુંબમાં મહિલાનું સ્થાન કેન્દ્રવર્તી હોવા છતાં તેને મળવાપાત્ર યોગ્ય આદર અને સન્માન પ્રાપ્ત થઈ શકયું નથી. રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા મહિલા શકિતને ઉજાગર કરવાના હેતુથી ‘સ્વપ્રેમથી લઈ કુટુંબ વ્યવસ્થામાં બહેનોની ભૂમિકા’ થીમ આધારિત ‘શકિત કાર્યક્રમ’નું આયોજન કરવામાં આવ્યું છે.

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૧૮ થી ૫૫ વર્ષની મહિલાઓ માટે તા. ૮ ફેબ્રુઆરી શનિવારે બપોરે ૨ થી ૬ વાગ્યા સુધી ગાંધીનગરના સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત સી.એમ. પટેલ નર્સિંગ કોલેજ ખાતેના ઓડિટોરિયમ હોલ ખાતે આયોજિત ‘શકિત’ કાર્યક્રમના મુખ્ય વકતાઓમાં જાણીતા કટારલેખક અને કિવઝ માસ્ટર તથા પ્રાધ્યાપક ડૉ. મનીષ રાવલ અને રાષ્ટ્રીય કક્ષાના શિક્ષણવિદ્ માર્ગદર્શક તથા મોટીવેશનલ સ્પીકર બેલડી જેઓ ‘ઉદ્દીપક’ તરીકે જાણીતા છે તેવા દિપક તેરૈયા અને ઉમા તેરૈયા તેમના વિચારો રજુ કરશે. ‘શકિત’ કાર્યક્રમમાં માત્ર ૨૫૦ મહિલાઓને પ્રવેશ આપવામાં આવશે જેઓએ તેમના નામની નોંધણી કરાવી હશે. નામ નોંધાવવા માટે નિયત કરાયેલ પ્રતિનિધી પાસે રૂ. ૫૦નો ટોકનચાર્જ ભરી તા. ૭ ફેબ્રુઆરી શુક્રવાર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી દેવાનું રહેશે. નોંધણી કરાવનાર મહિલાઓને જ કાર્યક્રમમાં પ્રવેશ સાથે અલ્પાહાર તથા એક પુસ્તક આપવામાં આવશે.

ગાંધીનગર તથા આસપાસના વિસ્તારની મહિલાઓ માટે આયોજિત શકિત કાર્યક્રમનું ઉદઘાટન સનદી અધિકારી ડી.એન. પાંડે, શહેરના મેયર રીટાબેન પટેલ તથા ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા દ્વારા કરવામાં આવશે.

● ‘શકિત’ કાર્યક્રમના રજીસ્ટ્રેશન માટે નીચે જણાવેલા નંબર ઉપર તા. ૭મી ફેબ્રુઆરી પહેલા રજીસ્ટ્રેશન કરાવવું જરુરી છે.

નિકિતા કુલકર્ણી-૮૯૮૦૨ ૨૫૯૬૯, આશાબેન સરવૈયા-૯૮૨૫૩ ૩૩૬૭૫, અલકા પટેલ-૯૭૨૩૪ ૫૯૫૭૯, ડૉ. નિના ગણેશન-૭૯૮૪૫ ૨૧૪૧૨, કવિતા બક્ષી-૯૪૨૭૪ ૧૮૨૨૪, નૂતન જૈન-૯૩૭૪૬ ૭૬૬૭૧, ડૉ. ધર્મેન્દ્ર પટેલ-૯૪૨૮૪ ૮૨૧૮૨, ભારત જૈન-૯૬૦૧૯ ૯૯૦૨૪.

● રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરવવાના સ્થળ નીચે મુજબ છે. રજીસ્ટ્રેશન ફોર્મ કમિટીના સભ્યોને પણ પહોંચાડી શકાશે. (૧) ફિઝિયોથેરેપી સેન્ટર, સે-૨૨ (૨) મહાવીર પાર્લર, ઘ-૬ સર્કલની બાજુમાં સે-૨૨, (૩) રાધે રાધે હોસ્ટેલ, શોપીંગ સેન્ટર પાસે, સે-૧૭ (૪) ઈમેજીની, ૨૩૨, કબીર વર્લ્ડની ઉપર, રાધે સ્કવેર, રિલાયન્સ ચોકડી-કુડાસણ (૫) ગાયત્રી મંદિર, સે-૧.

# આજે ટુંકીવાર્તા લેખન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ખાતે આવતીકાલે તા. ૫-૨-૨૦૨૦ના રોજ ટુંકીવાર્તા લેખન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૧૫ નવોદિત લેખકોની વાર્તા વિશે સમીક્ષા કરવામાં આવશે. આ શિબિરમાં તજજ્ઞ તરીકે ડૉ. કનૈયાલાલ ભટ્ટ, રાઘવજી માધડ અને ધર્મેન્દ્રત્રાઈ ત્રિવેદી પોતાની સેવાઓ આપશે. આ વર્કશોપનું સંચાલન પ્રો. ડૉ. ઉર્વીબેન અમીન દ્વારા કરવામાં આવશે. આ વર્કશોપ ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ. જાતિ) સેકટર-૧૦-બી ખાતે યોજાનાર છે.

આજે સોશિયલ મીડિયા પર ખુબ જ અવનવા પ્રકારનું સાહિત્ય રચાઈ રહ્યું છે. જેમાં ઘણી સારી કલમો પણ છે પરંતુ યોગ્ય માર્ગદર્શનના અભાવે પ્રતિભા હોવા છતાં તેઓની કલમ ઉત્તમ સાહિત્યનું સર્જન કરી શકતી નથી. આવા સમયમાં ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ સર્જન થઈ શકે અને નવોદિત લેખકોને દિશા મળે તે હેતુસર આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

# શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજની પ્રશિક્ષણાર્થીઓ ચેમ્પિયન




ગાંધીનગર, તા.૪

જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભરૂચ આયોજિત ડી.એલ.એડ. પ્રશિક્ષણાર્થી અધ્યાપકશ્રીઓનો રમતોત્સવ રાજયકક્ષાનો યોજાયો હતો. જેમાં અડાલજની પ્રશિક્ષણાર્થી બહેનોએ સમગ્ર રાજયમાં રસ્સાખેંચ સ્પર્ધામાં ચેમ્પિયન બની ટ્રોફી તથા ગોલ્ડમેડલ મેળવેલ છે તથા ખો-ખોની સ્પર્ધામાં રનર્સઅપ રહી ટ્રોફી તથા સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે.

વ્યકિગત રમતોમાં લાંબી કૂદમાં ચામઠા અરૂણાબેન તથા યોગાસનમાં કંડોરિયા રંજનબેને ચેમ્પિયન બની ટ્રોફી તથા ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. અધ્યાપકોની રમતમાં ભારતીબેન છત્રોલાએ પણ ટેબલટેનિસની રમતમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ તથા ચેમ્પિયન ટ્રોફી મેળવી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

સંસ્થાના આચાર્યા સુરેખાબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક જયાબેન વાળંદ, રીટાબેન ચૌધરી ભારતીબેન છત્રોલા સહિત સમગ્ર સંસ્થા પરિવાર, સંચાલક મંડળ અને ગ્રાજમનોએ તાલીમાર્થી બહેનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# રવિવારે શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો ૨૭મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૪

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો ૨૭મો સમૂહ લગ્નોત્સવ તા. ૯ ફેબ્રુઆરીના રોજ યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ અને વિનાયક કોલ્ડ સ્ટોરેજ અહમદપુરા દહેગામ ખાતે યોજાશે. જેમાં ૨૨ યુગલો લગ્નગ્રંથિથી જોડાશે. આ પ્રસંગે સમાજના આજીવન દાતા બહેનોનું સન્માન કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન બહેનો દ્વારા જ કરવામાં આવશે. આ પ્રસંગે જ્ઞાતિજનોને ખાસ હાજરી આપવા સંસ્થાના પ્રમુખ નારાયણભાઈ એસ. પ્રજાપતિ દ્વારા જણાવાયું છે.

# લાયન્સ કલબ ખાતે નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો



લાયન્સ કલબ ગાંધીનગર અને ઓગણજ આંખની હોસ્પિટલ દ્વારા તા. ૨ ફેબ્રુઆરીના દિવસે દહેગામ તાલુકાના સાપા ગામ ખાતે ઓગણીસમો નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં કુલ ૨૮૯ પેશન્ટની તપાસ કરવામાં આવી હતી. ૧૯૭ જેટલા લાભાર્થીઓને રાહત દરે ચશ્માનું વિતરણ, ૩૧ જેટલા દર્દીઓને મોતિયાનું નિદાન તથા ૨૦ દર્દીઓને ઓગણજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં ખજાનચી રામચંદ્ર, લાયન નટુકાકા, લાયન ડૉ. વૈદેહીબેન ટાટુ, લાયન ઉપેન્દ્ર સોલંકી, લાયન મોહનભાઈ, લાયન વૈશાલીબેન, લાયન કોકીલાબેન, પ્રીતિબેન શર્મા, કે.પી. પ્રજાપતિ ખાસ હાજર રહ્યા હતા. લાયન સભ્યોની પ્રોત્સાહક હાજરી માટે લાયન પ્રમુખ રાજ દ્વારા સૌ લાયન સભ્યોનો આભાર માનવામાં આવ્યો હતો.

# વિશ્વકર્મા મંદિર ખાતે સોળમો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૪

વિશ્વકર્મા જયંતિ નિમિત્તે વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા સોળમો પાટોત્સવ તથા રાંદલમાનો દ્વિતિય પાટોત્સવ તા. ૭ ફેબ્રુઆરીના રોજ યોજાશે. આ પાટોત્સવ અંતર્ગત ૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૮ વાગ્યે રાંદલ માતાના તેડા, તા. ૭ ફેબ્રુઆરીએ સવારે ૭ વાગ્યે યજ્ઞ પ્રારંભ, સાંજે ૪.૧૫ કલાકે શ્રીફળ હોમ, ૪.૩૦ વાગ્યે ધજા આરોહણ, ૫ વાગ્યે ઉછામણી, સાંજે ૬.૧૫ કલાકે ૫૦૦ દિવાઓની સમુહ મહાઆરતી સે-૧૨ સ્થિત વિશ્વકર્મા મંદિર ખાતે યોજાશે. સર્વે ભાવિક ભકતોને મહોત્સવમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ બીપીનભાઈ સી. ગજ્જર દ્વારા જણાવાયું છે.

# સિવિલના આર.એમ.ઓ. ડો.રાજેન્દ્ર ચૌહાણનો વિદાય સમારોહ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગમાં છેલ્લા ૧૩ વર્ષથી નિરંતર ફરજ બજાવતા અને છેલ્લા એક વર્ષથી આરએમઓ તરીકે ફરજ બજાવતા ડો. રાજેન્દ્ર આર. ચૌહાણ ગત તા.૩૧.૧.૨૦ના રોજ વય નિવૃત થતા તેમનો વિદાય સમારોહ ઓપીડી બિલ્ડીંગના ચોથા મજલે આવેલા લેકચર હોલ ખાતે બપોર બાદ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિબેન લાખાણીએ સાકર અને પડો આપી ડો. રાજેન્દ્ર ચૌહાણનું નિવૃત જીવન નિરોગી અને આનંદમય પસાર થાય તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. જયારે આ સમારોહમાં અધિક નિયામક તબિબિ નિવૃત ડો. એન.બી.ધોળકીયા, પૂર્વ આરએમઓ ડો.એમ.ડી.ઝાલા, અને ડો.હસમુખ નાયક તેમજ અન્ય હોસ્પિટલના તબિબિ અધિક્ષકો, સિવિલના ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, વહીવટી સ્ટાફ, સહિત વર્ગ-૩ ના કર્મચારીઓ



મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

હોસ્પિટલના આરએમઓ ડો. રાજેન્દ્ર ચૌહાણના વય નિવૃત વિદાય સમારોહમાં ઉપસ્થિત સાથી ડોકટરોએ પુષ્પગુચ્છ અને બુકે આપી સન્માનિત કરીને તેમની સેવાઓને બિરદાવી હતી. ડો. ચૌહાણ છેલ્લા ૧૩ વર્ષથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પી.પી.યુનિટ, તાત્કાલીક સારવાર વિભાગ, આઈસીયુ વિભાગ, તેમજ છેલ્લા એક વર્ષથી આરએમઓ તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે આ પ્રસંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિ બેન લાખાણીએ ડો.ચૌહાણ વિશે બે શબ્દ કહેતા જણાવ્યું હતું કે તેઓ ખુબ મહેનતુ છે, હોસ્પિટલમાં ખંત અને ઉત્સાહથી કામ કર્યુ છે. નાના પ્રશ્નો તેઓ પોતે જ દુર કરી દેતા હતા.જયારે તેમનું સુચારુ સંચાલન અને કામ પ્રત્યેની ફરજ નિષ્ઠા દરેકને યાદ રહેશે અને સિવિલમાં એક કર્મનિષ્ઠ કર્મચારીની કાયમ ખોટ વર્તાશે. જયારે સાથે ફરજ બજાવી ચુકેલા ડોકટરોએ પણ તેમની સાથેના કેટલાક ખાટા-મીઠા પ્રસંગોની યાદો વાગોળી હતી. આ પ્રસંગે હાજર સૌ સાથી ડોકટર્સ અને અન્ય અધિકારી-કર્મચારીઓની આંખોના ખુણા ભીના બન્યા હતા. અત્રે ઉલ્લેખયનીય છે કે ડો. ચૌહાણે પોતાના શિક્ષક પિતાની દિકરાને તબિબ તરીકે જોવાની ઈચ્છાને પુરી કરવા વિજાપુર પાસેના નાનકડા ગેરીતા ગામમાંથી દારૂણ સ્થિતિ હોવા છતા પોતાના પુરૂષાર્થ થકી તબિબ બનવા સુધી પહોંચી પિતાની ઈચ્છાને સિધ્ધ કરી બતાવી હતી. ૨૭-૧-૮૪ થી ડોકટર તરીકે ફરજમાં જોડાયેલા ડો. રાજેન્દ્ર ચૌહાણે ૩૭ વર્ષમાં સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલના અંતરીયાળ વિસ્તારમાં સેવા આપી છે.

## ચિરવિદાય

- સ્વ. શાહ હંસાબેન જયંતિલાલ, ઉ.વ. ૮૬
- સ્વ. મકવાણા મંગુબેન ચતુરજી, ઉ.વ. ૭૪
- સ્વ. પરીખ આનંદીબેન પ્રવિણચંદ્ર, ઉ.વ. ૭૩
- સ્વ. બ્રહ્મભટ્ટ પ્રતાપભાઈ હિરાલાલ, ઉ.વ. ૬૬
- સ્વ. ઠાકોર તખાજી અમરાજી, ઉ.વ. ૧૦૧